VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

સંદર્ભ : (૧) યુનિવર્સિટી કાર્યાલયના તા.૦૯–૦૯–૨૦૨૧ના પત્ર ક્રમાંકઃ એસ.એ.(ઓનલાઈન LIC)/(૨૧)/૧૩૦૭૫
(૨) યુનિવર્સિટી કાર્યાલયના તા.૧૫–૦૯–૨૦૨૧ના પત્ર ક્રમાંકઃ એસ.એ. (ઓનલાઈન LIC)/(૨૧)/૧૪૦૫૩
(૩) યુનિવર્સિટી કાર્યાલયના તા.૧૭–૦૯–૨૦૨૧ના પત્ર ક્રમાંકઃ એસ.એ. (જોડાણ)(પરિશિષ્ટ)(૨૧)/૧૪૧૬૨

યુનિવર્સિટી સંલગ્ન ચાલુ જોડાણ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, સિન્ડિકેટની તા.૨૭–૦૫–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૩) અંતર્ગત કોરોના મહામારીથી ઉદ્દભવેલ અસામાન્ય પરિસ્થિતિના લીધે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટે ચાલુ જોડાણ ધરાવતી કોલેજોની LIC ઓનલાઈન મોડ દ્વારા કરવાનું ઠરાવવામાં આવેલ છે. જે સંદર્ભે કોલેજો દ્વારા આગામી સમયમાં યુનિવર્સિટી કાર્યાલયના Zoom/Webex ના માધ્યમથી Online LIC નું આયોજન કરવાનુ રહેશે. જે સંદર્ભે કોલેજોએ નીચે મુજબની પ્રક્રિયા અનુસરવાની રહેશે.

1. ચાલુ જોડાણ ધરાવતી કોલેજોએ (a) **ચાલુ જોડાણની અરજી** (b) **યુનિવર્સિટી દ્વારા નિયત કરેલ કોલેજોએ આપવાની અને સ્થાનિક તપાસ સમિતિએ ચકાસવાની માહિતી માટેનું નિયત પત્રક** (c) **શિક્ષણ વિભાગે તેમના તા.૨૬/૬/૨૦૧૫ ના પરિપત્ર મુજબ જોડાણ માટે નિયત કરેલ પરિશિષ્ટ (માત્ર સ્નાતક અભ્યાસક્રમ માટે)** મુજબની માહિતી આધાર પુરાવાઓ સાથે તેમજ અન્ય જરૂરી ફોટોગ્રાફર્સ/ PPT Presentation ઓનલાઈન LIC પહેલા યુનિવર્સિટી કાર્યાલયને affiliation@vnsgu.ac.in પર અને તમામ LIC ના સભ્યશ્રીઓને ઈ–મેઈલ પર મોકલી આપવાની રહેશે અને LIC સમક્ષ ઓનલાઈન રજૂ/ share કરવાની રહેશે.
2. યુનિવર્સિટી કાર્યાલય દ્વારા નિયુક્ત LIC ના સભ્યશ્રીઓની માહિતી સબંધિત કોલેજોને મોકલી આપવામાં આવશે અને કોલેજે LIC સભ્યશ્રીઓ સાથે સંકલન કરી ઓનલાઈન LIC માટે તારીખ / સમય નક્કી કરી Zoom/Webex ની લીક યુનિવર્સિટી કાર્યાલય પાસેથી affiliation@vnsgu.ac.in પર ઈ–મેઈલ કરી મેળવી, લઈ LIC ના તમામ સભ્યશ્રીઓને મોકલી આપવાની રહેશે. કોલેજ દ્વારા ઓનલાઈન LIC ની સદર કાર્યવાહી દિન–૧૫માં પૂર્ણ કરવાની રહેશે.
3. ઓનલાઈન LIC ની કાર્યવાહી પૂર્ણ થયેથી LIC ના ચેરમેનશ્રી દ્વારા સમિતિના અન્ય સભ્યશ્રીઓ સાથે સંકલન કરી સબંધિત કોલેજના પ્રોગ્રામ દીઠ અવલોકનો, શરતો અને ભલામણ સહિતનો LIC નો અહેવાલ તથા ઉપરોક્ત (c) મુજબનું પરિશિષ્ટ(માત્ર સ્નાતક અભ્યાસક્રમો માટે) તેમની (ચેરમેનશ્રીની) સહી સાથે તૈયાર કરવાનો રહેશે. જે LIC નો અહેવાલ સંબંધિત કોલેજે ચેરમેનશ્રી પાસેથી મેળવી **યુનિવર્સિટી કાર્યાલયને બે નકલમાં તાકીદે જમા કરાવવાનો રહેશે.**

નોંધ : (૧) ઓનલાઈન LIC Zoom/Webex ના માધ્યમથી કરવાની હોય કોલેજોએ **હાલ vnsgu.net પર ચાલુ જોડાણની ઓનલાઈન અરજી કરવાની રહેતી નથી.**
(૨) ઉપરોક્ત (b) પત્રક અને (c) પરિશિષ્ટ યુનિવર્સિટીની વેબસાઈટ www.vnsgu.ac.in ના Download મેનુમાં Affiliation Form and LIC Format સબમેનુમાં ઉપલબ્ધ છે.
(૩) ઉપરોક્ત (c) પરિશિષ્ટ માત્ર સ્નાતક અભ્યાસક્રમને લાગુ પડે છે, અનુસ્નાતક અભ્યાસક્રમને લાગુ પડતુ નથી.
(૪) ઉપરોક્ત સંદર્ભિત ક્રમાંક (૩) ના પરિપત્રમાં જણાવ્યા મુજબના પરિશિષ્ટની માહિતી હવે સીધી યુનિવર્સિટી કાર્યાલયને જમા ન કરાવતા LIC પૂર્ણ થયેથી ઉપરોક્ત ક્રમાંકઃ (૩) માં જણાવ્યા મુજબ LIC ના અહેવાલ સાથે ચેરમેનશ્રીની સહી મેળવી અત્રેના વિભાગમાં જમા કરાવવાનું રહેશે.

ક્રમાંકઃ એસ–એ.(ઓનલાઈન LIC)/(૨૧)/ ૧૪૩૬૫
સુરત. તા.૨૦–૦૯–૨૦૨૧

**ઈ.ચા.કુલસચિવ**

પ્રતિ,
૧. યુનિવર્સિટી સંલગ્ન તમામ ચાલુ જોડાણ ધરાવતી કોલેજોના આચાર્યશ્રીઓ
૨. સ્થાનિક તપાસ સમિતિના ચેરમેનશ્રી/સભ્યશ્રીઓ

....જાણ તથા ઘટતું થવા સારું.

F:\SYN-AFFILIATION\PARIPATRA\New Pariptra_2021(1).doc